# રાજય સરકારના કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલવા રજૂઆત

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત રાજયના સરકારી અધિકારીઓ-કર્મચારીઓના છેલ્લા ઘણા સમયથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણ માટે પુનઃ સરકારમાં રજૂઆત કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી પડતર રહેલા પ્રશ્નોનો કોઈ ઉકેલ ન આવતા સરકારશ્રીનું આ મામલે ધ્યાન દોરવા બજેટ સત્ર દરમિયાન કર્મયોગીઓ દ્વારા કાળી પટ્ટી ધારણ કરવામાં આવશે.

ધ ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને પત્ર લખી રજૂઆત કરી છે કે ગુજરાત રાજયના સાત લાખ કર્મયોગીઓને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરી તેનું નિરાકરણ લાવવાના હેતુથી મુખ્યમંત્રીશ્રીને ગત તા. ૧૦ ઓકટોબર ૨૦૧૩ના રોજ રજૂઆત કરી કેટલાક પ્રશ્નોની યાદી આપી હતી. આ સંદર્ભે છ માસ અગાઉ સામાન્ય વહિવટ વિભાગ (સેવા) ના અધ્યક્ષ સ્થાને વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ પ્રશ્નો પરત્વે સરકારનો અભિગમ સકારાત્મક છે તેવો પત્ર પણ સામાન્ય વહિવટ વિભાગે પાઠવ્યો હતો. લોકસભાની ચૂંટણી પહેલા આ પ્રશ્નોનો ઉકેલ લાવવાની અનેક રજૂઆતો કરાઈ હોવા છતાં કોઈ નકકર પરિણામ આવ્યું ન હતું. ત્યારબાદ આચાર સંહિતા લાગુ પડી જતા પ્રશ્નો યથાવત રહ્યા હતા. ચૂંટણી પૂર્ણ થયા પછી અને આચારસંહિતા ઉઠી ગયા બાદ પણ સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આજ દીન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સામાન્ય વહિવટ વિભાગે કર્મચારીઓના પ્રશ્નોને સક્ષમ કક્ષાએ રજુ ન કરતા કર્મયોગીઓમાં અવિશ્વસનીયતાનું વાતાવરણ ઉભુંથયું છે.

ગુજરાત રાજયના કર્મચારી મંડળોની ઈચ્છા ન હોવા છતાં કર્મચારીઓમાં ઉભી થયેલી હતાશાને વાચા આપવા અને સરકારનું ધ્યાન દોરવા આગામી વિધાનસભા બજેટ સત્ર દરમિયાન પ્રથમ તબક્કે પ્રતિકાત્મક કાર્યક્રમ તરીકે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ વ્યકત કરવામાં આવશે.



લાલ-પીળી ખારેક - ચોમાસાના આગમન અને ઉનાળાની વિદાયનો સંધિકાળ લાલ-પીળી ખારેકથી ઉજવાય છે... કચ્છમાં પાકતી ખારેક ગુજરાતભરમાં વખણાય છે... ગુજરાતના મહાનગરોમાં ખાસ કરીને અમદાવાદ-ગાંધીનગરમાં તો કચ્છી ખારેકનો ભારે ઉપાડ છે... કચ્છી પરિવારો તો ઘરમાં ખારેક લાવી અને ખારેક ખરીદી મિત્રોમાં વહેંચે પણ છે અને કચ્છના વતની હોવાનું ગૌરવ વ્યક્ત કરે છે... આજકાલ ગાંધીનગરના બજારમાં પણ લાલ-પીળી ખારેક આંખને પણ ગમી જાય છે અને જીભને પણ ભાવી જાય છે... **(તસવીર : દિપક જાની)**

# નગરના અગ્રણી અરૂણ બૂચને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન

**સતત ૩૫ વર્ષ સુધી મંત્રીઓના અંગત મદદનીશ તરીકે સેવા આપી હતી**

**૧૯૯૫માં રાજય સરકારે પણ સેવાકીય પ્રવૃત્તિ બદલ એવોર્ડ આપ્યો હતો**

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત રાજયની સ્થાપનાથી સતત ૩૫ વર્ષ સુધી મંત્રીઓના અંગત મદદનીશ તરીકે સેવા આપવા બદલ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચને એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે. અગાઉ તેમણે લીમકા બુક તેમજ ઈન્ડીયા બુકમાં પણ નામ મેળવ્યું હતું.



શહેરના સ્થાપના કાળથી નગરવિકાસના કામો ઉપરાંત પ્રશ્નના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહેતા નગરના અગ્રણી અરૂણ બુચે એશિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મેળવી અનોખી સિધ્ધિ હાંસલ કરી છે. ગુજરાતના સ્થાપના કાળથી લઈ ૧૯૬૦ થી ૧૯૯૫ દરમિયાન અરૂણ બૂચે સતત ૩૫ વર્ષ સુધી સરકારના મંત્રીઓના અંગત મદદનીશ તરીકે સેવા આપી હતી.

આ વિવિધ સાત મંત્રીઓમાં બહાદુરભાઈ પટેલ, પરમાણંદદાસ ઓઝા, હીંમતભાઈ રજવાડી, રસિકચંદ્ર આચાર્ય, અમરસિંહ ચૌધરી, મહંત વિજયદાસ અને જશુભાઈ ધાનાભાઈ બારડની સાથે તેમણે ફરજ બજાવી હતી. આ મામલે અગાઉ સતત ૩૫ વર્ષની એકધારી સેવા બદલ લીમકા બુક તેમજ ઈન્ડીયા બુકમાં પણ તેમને સ્થાન મળ્યું હતું જયારે હવે એશિયા બુક ઓફ રેકોર્ડમાં પણ તેમને સ્થાન પ્રાપ્ત થયું છે. વર્ષ ૨૦૧૫ના પ્રકાશનમાં તેમની આ સેવાની નોંધ લેવામાં આવી છે. નગરના જનજીવનને ધબકતું રાખવામાં પણ તેમનો સિંહ ફાળો રહ્યો છે. અત્યાર સુધી તેમણે રાજય સરકાર સમક્ષ ૪૨૦૦૦ અને ભારત સરકારને ૧૧૫૦૦ જેટલા પ્રશ્નો અંગે રજૂઆત કરી છે. રેલવે સુવિધા માટે પણ તેમણે ૪ હજાર જેટલા પત્રો લખ્યા છે. અગાઉ વર્ષ ૧૯૯૪માં અરૂણ બુચને સેવાકીય પ્રવૃત્તિ બદલ રાજય સરકારે પણ એવોર્ડ એનાયત કરી સન્માનિત કર્યા હતા. તેમજ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને જૈન સોશ્યલ ગૃપ દ્વારા મહાત્મા-મહાવીર એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

# નિર્મિતિ દ્વારા રજૂ કરાયેલા શાસ્ત્રીય નૃત્યો જોઈ પ્રેક્ષકો અભિભૂત થયા

માત્ર ૧૧ નૃત્યકાર યુવતિઓના ગૃપ નિરમિતિ દ્વારા અદ્‌ભૂત નૃત્યો રજૂ કરાયા ગૃપમાં ગાંધીનગરની કુ. વ્યોમા ભટ્ટે પણ પ્રસંશનીય પરફોર્મન્સ આપ્યું



ગાંધીનગર, તા. ૨૩

'નિર્મિતિ' દ્વારા ગુજરાત સાહિત્ય પરિષદના હોલમાં તા. ૨૧મી જૂને યોજેલ શાસ્ત્રીય નૃત્યના કાર્યક્રમમાં એકથી એક ચઢિયાતી કૃતિઓ રજૂ કરાઈ હતી. માત્ર અગિયાર નૃત્યકાર યુવતિઓના ગૃપ 'નિર્મિતિ' એન આર્ટિસ્ટિક ક્રિએશન દ્વારા આયોજીત આ શાસ્ત્રીય નૃત્ય કાર્યક્રમમાં ગાંધીનગરની કુ. વ્યોમા પ્રકાશભાઈ ભટ્ટે પણ તેમનું પરફોર્મન્સ આપ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ ભાગ્યેશભાઈ જહા અને ગુજરાત સીબીઆઈના વડા દીપકભાઈ ડામોર ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં કુલ આઠ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં પુષ્પાંજલિ, ભગવાન શિવની સ્તુતિ-શિવાષ્ટકમ્, વિવિધ રસોનો આસ્વાદ કરાવતી કૃતિ - નવરસ જેમાં નૃત્યકારોએ પોતાનું સંયોજન કર્યુ હતુ. તેમજ આદ્યશક્તિના નવરૂપ દર્શાવતી કૃતિ-મહિષાસુર મર્દીની ઉપરાંત સેમી કલાસિકલ મ્યુઝિક પર આધારિત પૂર્ણ શાસ્ત્રીય નૃત્યનો આસ્વાદ કરાવતી કૃતિ ધિમતનન જેમાં કથ્થક, ભરતનાટ્યમ્, ઓડીસી, મોહિનીઅટ્ટમ, મણીપુરી નૃત્યનો સમાવેશ કરાયો હતો. આ કાર્યક્રમની

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદ ખેંચાતા પ્લાસ્ટિક મીણિયાની ઘરાકીમાં ઘટ, વેપારીઓ ચિંતાતુર

**ગ્રામ્ય વિસ્તારોમાં માંગ વધુ છતાં ગત વર્ષ કરતાં વેચાણ ઓછુ અને ભાવ ૩૦ ટકા ઉંચો**

ગાંધીનગર, તા. ૨૩

ચોમાસુ શરૂ થયા પહેલાં આગોતરા આયોજન મુજબ સૌથી વધુ ઉપયોગી એવા પ્લાસ્ટિક મીણીયાની માંગ ખુબજ હોય છે. વરસાદી પાણીથી ચિજવસ્તુઓ અને જે તે સ્થાનને રક્ષણ પુરૂ પાડતુ મીણીયું શહેર અને ગામડાઓમાં પ્રથમ જરૂરિયાત બની છે. પરંતુ વરસાદ ખેંચાતા મીણીયાની ઘરાકીમાં ઉણપ આવી છે અને ગત વર્ષ કરતાં ત્રીસ ટકા ઊંચા ભાવે મોટી માત્રામાં માલ સ્ટોક કરીને બેસેલા વેપારીઓ ચિંતાતુર બન્યા છે.

દેશના ઋતુચક્રમાં દરેક ઋતુનું અલગ મહત્વ બન્યુંછે અને દરેક ઋતુમાં અલગ અલગ જરૂરિયાતો હોય છે જ તેમ ચોમાસાની ઋતુમાં વરસાદી પાણીથી રક્ષણ અને તેના ઉપાયો કેવી રીતે કરવા તે દર વર્ષે થતાં જ હોય છે. જેમાં પ્લાસ્ટિક મીણીયું એ સૌથી વધુ જરૂરી સાધન મનાઈ રહ્યું છે. જેની અસરો બજારમાં તેના વેચાણ ઉપરથી વર્તાય છે. શહેરી વિસ્તારોમાં ઘર આગળ પાર્કિંગમાં, વાહનો ઉપર ઢાંકવા તથા બહાર પડી રહેતી ચિજવસ્તુઓ ઉપર ઢંકાય છે. જ્યારે સૌથી વધુ માગં ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે જેમાં ઢોર-ઢાંખર રખાય છે ત્યાં, અનાજની સાચવણી, ઘરના ઢાળીયામાં તથા ટ્રેક્ટર કે માલવાહક વાહનમાં પણ વપરાય છે. તો શ્રમજીવી વસાહતોમાં પોતાના બનાવેલા ઝુંપડાઓને આ મીણીયાથી સંપુર્ણ રક્ષિત કરી પાણી છતમાંથી ન આવે તે રીતે ઉપયોગ થાય છે. આમ જુદા જુદા ક્ષેત્રે પાણી સામે રક્ષણ પુરૂ પાડતુ આ મીણીયુ ચોમાસામાં સૌથી મોટી માંગ ગણાય છે.

હાલ બજારમાં મીણીયુ જુદી જુદી પદ્ધતિથી વેચાણ થાય છે. જેમાં મીક્ષ સાઈઝ, રોલ, સફેદ જાડુ, પાતળુ, કાળુ જાડુ પાતળુ તથા ૧૨ અને ૧૮ ફૂટ પનાવાળા મીણીયા ગત વર્ષ કરતાં ૩૦ ટકા ઉંચા ભાવે વેચાય છે. વેપારીઓએ મોટી માત્રામાં માલસ્ટોક કરી નાખ્યો છે જેમાં ફક્ત ૪૦ ટકા જ વેપાર થયો છે. જેથી ઉંચા ભાવનું મોટુ રોકાણ કરી વ્યાજબી ગણતરીએ નુકશાનના ધંધા તરફ ખેંચાયેલા વરસાદે મુકી દીધા છે. જો કે વરસાદની અનિશ્ચિતતા વચ્ચે એકાદ સારો વરસાદ થાય તો મીણીયાની માંગમાં વધારો થવાની શક્યતા છે.


## અશ્રુભીની શ્રદ્ધાંજલિ





**સ્વ. પટેલ જયંતિભાઈ બહેચરભાઈ**

મુ. પો. રડોદરા, તા. બાયડ

સ્વ. તા. ૧૨-૬-૨૦૧૪

આપની અણધારી વિદાયથી આપના સૌજન્યશીલ, કર્તવ્યનિષ્ઠ, પુરુષાર્થી, નિષ્ઠાવાન અને નિડર સ્વભાવ - સ્વજનો અને મિત્રો માટે અમિટ છાપ બની રહેશે.

પ્રભુ આપના દિવ્ય આત્માને ચિરશાંતિ અર્પે એ જ અભ્યર્થના...

**શોકાતુર**

પટેલ મુકેશભાઈ બી. (જમાઈ)-ધનસુરા
કામીનાબેન (ગોપીબેન) મુકેશભાઈ (દીકરી) ધનસુરા
પટેલ હની મુકેશભાઈ (ભાણી)
પટેલ કૃષ્ણ મુકેશભાઈ (ભાણેજ)
પટેલ સુરેશભાઈ બી. (મુખી)-ધનસુરા
પટેલ ત્રિવેણીબેન સુરેશભાઈ (સરપંચ ધનસુરા)
ગં.સ્વ. પટેલ મંગુબેન બહેચરભાઈ
સ્વર્ગસ્થ રૂખીબા પરિવાર (ધનસુરા)


# પિતા-પુત્રીને પોલીસે પીધેલી હાલતમાં પકડીને સળિયા પાછળ ધકેલ્યા

**રાત્રે સમર્પણ કૉલેજ રોડ પરથી નશામાં ચૂર પકડાયેલી યુવતીના પર્સમાંથી બિયરનું ટીમ પણ મળ્યું : પુત્રીને છોડાવવા આવેલા પિતા પણ પીધેલી હાલતમાં જણાતા તેને પણ પોલીસે અંદર કરી દીધા : યુવતીનો મિત્ર ગાડી લઈને ભાગી ગયો**

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરમાં ગઈ કાલે રાત્રે ભદ્ર સમાજની આંખો પહોળી કરી નાંખે તેવો કિસ્સો બનવા પામ્યો છે. સે-૭ પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે સે-૮ સમર્પણ કોલેજ રોડ પરથી એક યુવતી એક્ટીવા પર અને તેનો ફ્રેન્ડ બ્લેક કાર લઈને ઉભા હતા. પોલીસને જોઈને કાર લઈને ફ્રેન્ડ ભાગી ગયો હતો. યુવતી પાસે પોલીસ ગઈ ને જોયું તો નશામાં ચૂર હતી. તેણીનું પર્સ તપાસ્યું તો તેમાંથી બિયરનું ટીન મળી આવ્યું હતું. પોલીસે યુવતીની ધરપકડ કરી પોલીસ સ્ટેશન લઈ જઈને તેણીના માતા-પિતાને બોલાવ્યા હતા. અડધી રાત્રે દીકરીને છોડાવવા માટે આવેલા પિતા પણ પીધેલી હાલતમાં જોવા મળતા પોલીસે તેમને પણ પૂરી દીધા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સફાઈ નહિ થાય તો રોગચાળો ફાટી નીકળશે : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં વધતી જતી ગંદકીને લઈ આજે કોંગીના કાઉન્સીલરોએ ઉગ્ર રોષની લાગણી વ્યક્ત કરી તાત્કાલિક શહેરમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવા મ્યુનિ. કમિશ્નરશ્રીને રૂબરૂ મળવાનો નિર્ણય કર્યો છે.

આજે કોર્પોરેશન ખાતે કોંગી કાઉન્સીલરોની મળેલી બેઠકમાં સભ્યોએ ગંદકીના વધતા જતા જથ્થાને તાકીદે દૂર નહિ કરાય તો શહેરમાં રોગચાળાનો ભય ઉભો થવાની દહેશત વ્યક્ત કરી શહેરમાં તાકીદે સફાઈ ઝુંબેશ શરૂ કરવા આગ્રહ કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજની આ બેઠકમાં શહેરની ગંદકી ઉપરાંત ચૂંટણીની આચારસંહિતાના અમલને લઈ કાઉન્સીલરોએ સૂચવેલા વિકાસના કામો જે બંધ કરાયા હતા તે પણ તાત્કાલિક હાથ ધરાય તે માટે રજુઆત કરવાનો નિર્ણય કર્યો છે.

આ બેઠકમાં ચીમનભાઈ વિંઝુડા, શ્રી પ્રવિણ પટેલ, શ્રીમતિ પીન્કીબેન પટેલ, મીનાબા વાઘેલા, ભાવનાબા વાઘેલા, અશ્વિન વ્યાસ, અશોકભાઈ શ્રીમાળી, હર્ષજીત પંડ્યા, જીતુભાઈ રાયકા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર કોર્પોરેશનમાં વહીવટીય ગતિશીલતા લાવવાના મુદ્દે પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી.

# અજીત એડ્‌સવાળા રમણભાઈ શાહનું અવસાન

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદથી પ્રસિદ્ધ થતા સાધના સાપ્તાહિકના ટ્રસ્ટી અને અજીત એડ્‌સના અજીતભાઈ શાહ અને જીતુભાઈ શાહના પિતાશ્રી શ્રી રમણભાઈ શાહનું આજે અવસાન થયું છે.



સ્વર્ગસ્થની આજે સવારે ૮.૩૦ વાગે તેમના નિવાસસ્થાન પૃથ્વી એપાર્ટમેન્ટ, જૈન સોસાયટી પાલડી ખાતેથી અંતિમયાત્રા નિકળી હતી. અંતિમયાત્રામાં ભાજપના અગ્રણીઓ શ્રી ભીખુભાઈ દલસાણિયા, ભરતભાઈ પંડ્યા, કાકુભાઈ ભટ્ટ, પૂર્વ મેયર શ્રી અમિતભાઈ શાહ, આર.એસ.એસ.ના કાર્યકરો, ભાજપના કાર્યકરો, પી.એમ.ઓ.ના શ્રી તન્મય મહેતા, ગુજરાત સમાચારના શ્રી શ્રેયાંસભાઈ શાહ તથા પત્રકારો અને પ્રેસ પ્રતિનિધિઓ જોડાયા હતા.

સ્વ. રમણભાઈ શાહે સાધના સાપ્તાહિકના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ તકે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે પણ શોકસંદેશા પાઠવી અને સ્વર્ગસ્થના અવસાન અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

સ્વ. રમણભાઈ શાહનું બેસણુ મંગળવારે તા. ૨૪મીના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ જીએમડીસી ગ્રાઉન્ડ હોલ નં. ૨, ગેઈટ નં. ૩ યુનિ. રોડ અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે.


SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com